


# ખેલંદો

એચ. એન. ગોલીબાર

પ્રકરણ-૧૭

**મેં ફરીવાર** થોડુંક વધુ પાણી લઈને એના ચહેરા પર છંટકાર્યું અને પછી એને હલબલાવી. 'હોશમાં આવ, નીકિતા....!'

એ સાથે જ આ વખતે એણે પાંપણો ફરકાવી, અને પછી આંખો ખોલતાં એ સફાળી બેઠી થઈ ગઈ.

ગભરાટભરી નજરે પળવાર મારી સામે જોયા પછી એણે ઝટકા સાથે ગરદન ફેરવીને કારની પાછળની તરફ જોયું.

'ડબરાલ અને એના આદમીઓથી મેં હાલ પૂરતો પીછો છોડાવી લીધો છે, નીકિતા....!' મેં કહ્યું, એટલે નીકિતાએ મારી તરફ જોયું અને પછી મને વળગી પડી.

મેં પળવાર માટે તો મૂંઝવણ અનુભવી. પછી એની પીઠ પર દિલાસાભર્યો હાથ ફેરવતાં મેં કહ્યું, 'રડ નહીં, નીકિતા....!'

'અવિનાશ....! જો તમે ન મળ્યા હોત તો....?!?' નીકિતાએ ડૂસકું ભરતાં કહ્યું, 'ભગવાને તમને....!!!'

'અત્યારે આપણી પાસે વાતો કરવાનો સમય નથી નીકિતા...!' કહેતાં મેં નીકિતાને મારાથી અળગી કરી. 'હજુ આપણે ડબરાલથી સલામત અંતરે, સલામત જગ્યાએ પહોંચીને ડબરાલની આ કાર સગેવગે કરવાની છે...! ડબરાલની કાર આપણને મુશ્કેલીમાં મૂકી શકે....!'

ડબરાલના નામે, નીકિતાના ચહેરા પર ડર લાવી દીધો એ હું જોઈ શકયો.

'.... અને તારા આ ગામડાની સ્ત્રી જેવાં કપડા પણ આપણને પરેશાનીમાં મૂકી શકે એમ છે....!' મેં કહ્યું, '... એટલે આગળ બગલથેલામાં જે સાડી પડી છે એ તું જલદીથી પહેરી લે એટલે આપણે ઝડપથી અહીંથી આગળ વધીએ....!' કહેતાં મેં કારનો પાછળની સીટનો દરવાજો બંધ કર્યો.

અને કારથી થોડેક દૂર ટેકરા પર ચઢીને, કાર તરફ પીઠ કરીને, ઝાડીઓની પેલી તરફ દેખાતા નાશિક તરફના હાઈવે તરફ જોઈ રહ્યો.

એ તરફથી કોઈ વાહન આવતું દેખાતું નહોતું.

ટ્રક-હડતાળનો મેં મનોમન આભાર માન્યો. ટ્રકની હડતાળ ન હોત તો ડબરાલ આ તરફ આવતી કોઈપણ ટ્રકમાં પોતાના આદમીઓ સાથે સવાર થઈને મારી પર હુમલો લઈ આવી શકયો હોત....!

'ચાલો નીકળીશું, અવિનાશ....?'

પાછળથી નીકિતાનો અવાજ આવ્યો એટલે હું ફર્યો.

સાડી પહેરીને, કારની બહાર નીકળીને નીકિતા ઊભી હતી

ચંદ્રના અજવાળામાં એ એટલી બધી મનમોહક લાગતી હતી કે પળવાર તો જાણે હું સપનામાં હોઉં ને કોઈ આકાશની પરી નીરખી રહ્યો હોઉં એમ એકીટશે એની તરફ જોતો ઊભો રહ્યો.

પણ પછી હું જાણે સ્વપ્નની દુનિયામાંથી બહાર આવ્યો.

'કારની આગળની સીટ પર જ બેસી જા...!' કહેતાં હું ડ્રાઈવિંગ-સીટ તરફ આગળ વધ્યો.

હું કારની ડ્રાઈવિંગ-સીટ પર ગોઠવાયો. નીકિતા પણ કારની ડાબી તરફના દરવાજામાંથી અંદર આવીને બેઠી, એટલે મેં કારને ઝાડીઓ વચ્ચેથી બહાર હાઈવે પર લીધી અને પૂના તરફ આગળ વધારી.

મેં નીકિતા તરફ જોયું.

નીકિતા કંઈક વિચારોમાં ખોવાયેલી સામે રસ્તા પર નજર જમાવીને બેઠી હતી.

મેં એને ખલેલ પહોંચાડી નહીં.

મેં રસ્તા પર નજર જમાવી અને કારને વધુ ઝડપે દોડાવી.

કાર થોડીક ચાલી ત્યાં મને જમણી તરફ એક ગેસ્ટહાઉસ દેખાયું.

હું ખૂબ જ થાકેલો હતો. ઉપરથી વહેલી સવારની મીઠી નિંદર પણ મારી પર સવાર થવા માટે જોર લગાવી રહી હતી. પળવાર તો મને થયું કે કારને ગેસ્ટહાઉસ પાસે ઊભી રાખીને, રૂમ લઈને બે-ચાર કલાકની ઊંઘ ખેંચી કાઢું. પણ ડબરાલની યાદ તાજી થતાં જ મેં ઊંઘને ભગાવી.

ડબરાલથી જેટલા બને એટલા વધુ દૂર નીકળી જવામાં જ મારી અને નીકિતાની સલામતી હતી.

એટલે એ ગેસ્ટહાઉસ પરથી નજર પાછી વાળીને મેં કારને પૂના તરફ દોડાવવાની ચાલુ રાખી. અને ઊંઘ દૂર રહે એ માટે મેં નીકિતા સાથે વાત કરવા એની સામે જોયું પણ એ તો સીટની પીઠ પર માથું ટેકવીને ઊંઘમાં સરી ચૂકી હતી.

મેં ફરી સામે, સૂમસામ રસ્તા પર નજર જમાવતાં કારની ઝડપ વધારી.

.......

શુક્રવાર સવારના સાત વાગવા આવ્યા હતા. સવારનું અજવાળું ધરતી પર ઊતરી આવ્યું હતું.

મારી સામે દેખાતી સડક અને આસપાસની ઝાડીઓ ચોખ્ખી દેખાવા માંડી હતી.

મેં કારની હેડલાઈટ બંધ કરી.

મારી ડાબી તરફ બેઠેલી નીકિતા મારા ખભાને ટેકે માથું મૂકીને ઊંઘતી હતી.

મને પણ હવે ખૂબ જ ઊંઘ ચઢી હતી.

મેં જોર જબરદસ્તીથી ઊંઘને દૂર ધકેલવાની કોશિશ કરતાં, આંખો પર ઢળી પડતાં પોપચાંને ખુલ્લા રાખવાની કોશિશ કરતાં રસ્તાં પર નજર જમાવેલી રાખી.

ત્યાં જ અચાનક મારી આંખો સામે અંધારું છવાયું.

એ જ પળે મને ખ્યાલ આવ્યો કે, મને ઝોકું આવી ગયું છે.

મેં પાંપણો ખોલી ત્યારે કાર ડાબી તરફના ઝાડ તરફ ધસી રહી હતી.

મારો પગ બ્રેક પર દબાઈ ગયો. એક આંચકા સાથે કાર ઊભી રહી ગઈ.

'શું થયું?!?' ઝબકીને જાગી ઊઠતાં નીકિતાએ ગભરાટભર્યા અવાજે પૂછયું.

'સહેજમાં બચી ગયાં....!!! નહીંતર આ ઝાડ સાથે કાર ટકરાઈ ગઈ હોત....!' કારથી ફક્ત એકાદ-બે વેંત દૂર ઊભેલા ઝાડ તરફ જોતાં મેં નીકિતાને જવાબ આપ્યો, 'મને અચાનક એક ઝોકું આવી ગયેલું....!! ખૂબ જ ઊંઘ ચઢી છે....!' કહેતાં મેં નીકિતા બેઠી હતી એ તરફની બારી બહાર નજર નાખી.

ત્રણ-ચાર ખેતર પછી એક મકાન આવેલું દેખાતું હતું. એ મકાન તરફ જતો કાચો રસ્તો પણ દેખાતો હતો.

મેં મકાન પરથી નજર વાળીને આસપાસમાં જોયું.

દૂર-દૂર સુધી બીજું કોઈ મકાન કે વસ્તી દેખાતી નહોતી.

'આપણે એ મકાનમાં જઈએ....!' કહેતાં મેં કાર રિવર્સમાં લીધી. અને પછી થોડેક જ આગળ આવેલાં કાચા રસ્તા તરફ કાર આગળ વધારી. '.... અને જોઈએ, બે-ચાર કલાક એમાં આરામ કરવાનું મળી શકે એમ હોય તો!' કહેતાં મેં કારને ડાબી તરફના કાચા રસ્તા તરફ વળાવી.

કાર મકાન તરફ આગળ વધવા માંડી એટલે મેં ધ્યાનપૂર્વક એ મકાનને જોવા માંડ્યું.

મકાન કાચા રસ્તાની ડાબી તરફ આવેલું હતું, મકાન એક માળનું હતું. મકાન પર નળિયાવાળી છત હતી. મકાનની ચારે તરફ તારની વાડ બનેલી હતી.

**'અત્યારે આપણી પાસે વાતો કરવાનો સમય નથી નીકિતા...!' કહેતાં મેં નીકિતાને મારાથી અળગી કરી. 'હજુ આપણે ડબરાલથી સલામત અંતરે, સલામત જગ્યાએ પહોંચીને ડબરાલની આ કાર સગેવગે કરવાની છે...! ડબરાલની કાર આપણને મુશ્કેલીમાં મૂકી શકે....!'**

અહીંથી મકાનનો જે ભાગ દેખાતો હતો. એ ભાગમાં થોડાક-થોડાક અંતરે બે બારીઓ હતી. એમાંથી ડાબી તરફની સળિયાવાળી બારીમાં કોઈ સ્ત્રી ઊભેલી દેખાતી હતી.

મેં મકાનના દરવાજા સામે કાર ઊભી રાખતાં જોયું,

- તો દરવાજા પર એક પચાસ-પંચાવન વરસનો ઊંચો-તગડો આદમી ઊભો હતો, એ એની મોટી-મોટી આંખોથી સવાલભરી નજરે મારી સામે જોઈ રહ્યો.

એ માણસનો દેખાવ એવો હતો કે જો મેં દૂરથી આ મકાનની બારીમાં એક સ્ત્રીને ઊભેલી ન જોઈ હોત તો મેં અહીં ઊતરવાનું ટાળ્યું હોત.

'ચલ...!' કહેતાં મેં કારનો દરવાજો ખોલતાં નીકિતા તરફ જોયું, તો નીકિતા માથું પકડીને બેઠી હતી.

'શું થયું?!?' મેં ચિંતાભર્યા અવાજે પૂછ્યું.

'કંઈ નહીં!' એણે માથા પરથી હાથ ખસેડીને દરવાજાનું લૉક ખોલ્યું. 'સહેજ માથું દુઃખવા માંડયું છે....!' કહેતાં એણે દરવાજો ખોલ્યો, અને બહાર નીકળી. હું એની બાજુમાં આવીને ઊભો રહ્યો.

ત્યાં જ દરવાજા પાસે ઊભેલો આદમી નીકિતા તરફ જોતાં બોલી ઊઠયો, 'જો-જો, સંભાળજો ભાઈ....!'

મેં ગરદન ફેરવીને જોયું તો નીકિતા જાણે ચક્કર ખાઈને જમીન પર ઢળી પડતી દેખાઈ.

મેં એને અધવચ્ચે જ પકડીને, એને જમીન પર પડતાં રોકી લીધી.

'બહેનને અંદર લઈ લો, ભાઈ....!' દરવાજા પાસે ઊભેલા આદમીએ કહ્યું.

મેં નીકિતાને બન્ને હાથોમાં ઉઠાવી અને દરવાજા તરફ આગળ વધ્યો.

'બહેનને અહીં સુવડાવો....!!' પલંગ પરની ચાદર સરખી કરતાં એ આદમીએ કહ્યું.

મેં નીકિતાને પલંગ પર સુવડાવી, અને પછી નીકિતાની નજીકમાં જ, જમીન પર ઘૂંટણિયે બેઠો.

પેલો આદમી નીકિતાના માથા પાસે બેસી ગયો. 'બહેનને માથામાં વાગ્યું લાગે છે...!' કહેતાં એણે નીકિતાના માથા પર હાથ લગાવ્યો એ સાથે જ નીકિતાના માથા પર હાથ લગાવ્યો એ સાથે જ નીકિતાએ આંખો પરની પાંપણો ખોલી.

'....અને એટલે જ આમ બહેનને ચક્કર આવી ગયા લાગે છે....!' એણે પોતાનું વાક્ય પૂરું કર્યું, ત્યાં જ નીકિતા બેઠી થવા ગઈ, પણ એણે નીકિતાને ખભા પાસેથી પકડીને પાછી સુવડાવી. 'બહેન....! સૂતેલાં રહો...! હું પાટાપિંડી કરી આપું છું.'

નીકિતા મારી સામે તાકી રહી. મેં એના હાથની હથેળી દબાવી.

એ આદમી ઊભો થયો, અને જમણી તરફના દીવાલમાં લાગેલા કબાટ તરફ આગળ વધ્યો, ત્યારે જ મારું ધ્યાન બાજુના કમરાના દરવાજાની વચ્ચોવચ ઊભેલી સ્ત્રી તરફ ગયું. ચાળીસેક વરસની એ સ્ત્રી મારી તરફ જ તાકી રહી હતી.

'સરોજ! આમના માટે પાણી લઈ આવ....!' પેલા આદમીએ કહ્યું, એટલે એ સ્ત્રીએ મારી તરફથી નજર ખેંચીને એ આદમીની પીઠ તરફ અણગમાભરી નજરે જોયું, અને પછી એ કમરાની અંદરની તરફ વળી ગઈ. મને વિચિત્ર લાગ્યું.

વિચિત્ર છે આ બાઈ?!? આ બાઈ આવી રીતના કેમ જોતી હશે?!? આ બાઈ કોણ હશે?!? એ આ આદમીની શું સગી થતી હશે?!?

* * *

એ બાઈ જે રીતના વર્તી રહી હતી એ જોઈને મને ખૂબ જ વિચિત્ર લાગ્યું. જબરી છે એ બાઈ! નીકિતાને ચક્કર ખાઈને પડેલી જોતાંય સાવ બાઘાની જેમ ઊભી રહી હતી!!! શું અમે અહીં આમ અચાનક આવી ચઢ્યાં એ વાત એને નહીં ગમી હોય....!?! પણ એ તો આ આદમી સામેય કેવી રીતના જોતી હતી?!? એ સ્ત્રી આ આદમીની શું સગી થતી હશે?

'ભાઈ!' મારા કાને એ આદમીનો અવાજ આવ્યો એટલે મારા વિચારો રોકાયા. મેં એ આદમી તરફ જોયું.

'હું વૈદનું થોડુંક કામ જાણું છું એટલે આસપાસના ગામના લોકોએ મને વૈદરાજનું નામ આપી દીધું છે.' કહેતાં એ આદમીએ પાટાપિંડીનો સામાન નીકિતાના માથા પાસે જમીન પર મૂક્યો, અને નીકિતાના માથા પર પાટાપિંડી કરવા માંડ્યો. 'બહેનના માથે ખાસ્સું વાગ્યું છે....! સારું થયું બેહોશ ન થયાં!!!'

આ સાંભળતાં જ મને થયું, ક્યાંક આ માથામાં વાગવાને કારણે તો નીકિતા બેહોશ નહીં થઈ ગઈ હોય ને...!?! પણ એને માથામાં એવું તો શું વાગ્યું હશે કે એ બેહોશ થઈ ગઈ હતી...? આ સવાલ સાથે જ મને યાદ આવ્યું, ક્યાંક હું ડબરાલ અને એના આદમીઓના હાથમાંથી છટકીને ભાગ્યો ત્યારે કાર ઊછળવા-કૂદવાને કારણે કારની છતમાંનું લાઈટનું પતરું એના માથા પર નહીં વાગી ગયું હોય ને...?

'બહેનને કોઈ ધારદાર વસ્તુ વાગી લાગે છે....!' વૈદરાજે કહ્યું, 'શું વાગ્યું...?!?'

'ભાગદોડમાં કંઈક વાગી ગયું લાગે છે, પણ શું વાગ્યું એ ખબર નથી...!' મેં અહીં સુધી સાચું કહીને પછી આગળ જુઠ્ઠાણું ચલાવ્યું, 'આ મારી પત્ની છે. અમે બન્ને ફરવા નીકળ્યાં ત્યાં જ રસ્તામાં બે આદમીઓએ લીફ્ટ માગી. મેં મૂરખે કાર ઊભી રાખી અને એ બન્નેને કારમાં બેસાડયા, પણ ભલાઈનો આ જમાનો ક્યાં છે? એ બન્ને બદમાશ-ગુંડા નીકળ્યા. એ બન્નેથી માંડ-માંડ પીછો છોડાવીને અમે અહીં પહોંચ્યા.'

'તમે યોગ્ય ઠેકાણે આવી પહોંચ્યાં.' નીકિતાના માથા પર પાટાપિંડી પતાવીને વૈદરાજે કહ્યું, 'બહેનના માથાની પાટાપિંડી પણ થઈ ગઈ અને હું ગોળીઓ પણ આપું છું.' પાટાપિંડીનો સામાન સમેટીને ઊભા થતા વૈદરાજે કહ્યું, '....જેથી એમને દુખાવોય નહીં થાય ને ચક્કર આવતા પણ બંધ થઈ જશે.' વૈદરાજે કબાટ ખોલ્યું.

ત્યાં જ અંદરના કમરામાંથી પેલી સ્ત્રી હાથમાં પાણીના બે ગ્લાસ લઈને આવી.

મેં એના હાથમાંથી પાણીના ગ્લાસ લીધા. એ સ્ત્રી નજીકમાં જ ઊભી રહી.

'આ મારી પત્ની છે...., સરોજ....!' કહેતાં વૈદરાજ હાથમાં બે ગોળીઓ લઈને નજીક આવ્યા, ને નીકિતા સામે ગોળીઓ ધરી. 'લો બહેન....! આ બે ગોળીઓ ખાઈ લો....!'

નીકિતાએ વૈદરાજને હાથમાંથી ગોળીઓ લીધી, પછી સરોજના હાથમાંથી પાણીનો ગ્લાસ લઈને, પાણી સાથે બન્ને ગોળીઓ ગળા નીચે ઉતારી દીધી.

'જો, સરોજ....! આમના માટે નાસ્તો બનાવી લાવ...!' વૈદરાજે કહ્યું,

એટલે સરોજ સામો હુંકારો પણ આપ્યા વિના અંદરના કમરા તરફ આગળ વધી ગઈ. એની આ ચુપકીદી મને ખટકતી હતી, તો વૈદરાજની આ ભાવભીની મહેમાનગતિથી પણ મને સંકોચ થતો હતો.

'આટલી તકલીફ તો તમે લીધી વૈદરાજજી! પણ હવે આ નાસ્તાની તકલીફ....!!!' હું હજુ તો પૂરું બોલી લઉં એ પહેલાં જ વૈદરાજે મારી વાત કાપી, 'આમાં તકલીફ શાની?!? મહેમાન તો ભગવાનનું રૂપ હોય છે....!! અને વળી બહેનને વાગ્યું છે એટલે મારી જવાબદારી બેવડી થઈ જાય છે....! મારે યજમાન અને વૈદરાજ બન્નેની ફરજ નિભાવવી પડે એમ છે....!!!' વૈદરાજે દીવાલ પર ટીંગાતો બગલથેલો લઈને ખભા પર લટકાવ્યો, 'તમે ચા-નાસ્તો પતાવશો એટલી વારમાં હું નજીકના જ ખેતરમાં રહેતા એક દરદીની તબિયત જોઈને આવું છું. ત્યાં સુધીમાં બહેનને પણ આરામ મળી રહેશે. પાછો આવીને હું બહેનને તપાસી લઈશ, એટલે પછી તમારે ચિંતા નહીં....!!! અત્યારે તમે જશો ને રસ્તામાં વળી પાછાં બહેનને ચક્કર આવશે ને બેહોશ થઈ જશે તો તમે ક્યાં જશો....?'

મને વૈદરાજની વાત વાજબી લાગી. આમેય હું બે-ત્રણ કલાક આરામ કરવા માગતો જ હતો, અને વળી મારા માટે આનાથી વધારે સલામત જગ્યા બીજી કઈ હોઈ શકે...!

'તમે આને તમારું ઘર જ માનજો, ભાઈ!' વૈદરાજ દરવાજા તરફ આગળ વધ્યા, 'હું હમણાં અડધા કલાકમાં જ પાછો આવું છું.' ને એ બહાર નીકળી ગયા.

મેં નીકિતા તરફ જોયું, નીકિતા પાછી પલંગ પર લેટી.

એના પલંગની સામેની સાઈડ પર આવેલા બીજા પલંગ પર મેં હાશ કરતાં બેઠક લીધી, ત્યાં જ મારા કાને મોટરસાઈકલ ચાલુ થવાનો અવાજ સંભળાયો.

મેં પલંગની પાછળની તરફ ચહેરો ફેરવીને, બારી બહાર નજર નાખી, તો વૈદરાજ મોટરસાઈકલ પર પાછળના ભાગ તરફ જતા દેખાયા.

'વૈદરાજ પાસે મોટરસાઈકલ છે એ સારું કહેવાય....!' વિચારતાં મેં બહારથી નજર ખેંચીને ઘરની અંદર નજર ફેરવી.

ઘરમાં ટી.વી., ટેપરેકોર્ડર, ફ્રિજ, ઍરકૂલર, કાર-ટેપ વગેરે જેવી ઘણી વસ્તુઓ હતી. આવા ગામડા ગામના ખેતરમાંના આ મકાનમાં આવી છેલ્લામાં છેલ્લી સ્ટાઈલની આ કીમતી વસ્તુઓ જોઈને મને નવાઈ લાગી, એટલી જ વિચિત્ર વાત મને એ લાગી કે, ઘરમાં બે ટેપરેકોર્ડર અને ત્રણ-ત્રણ ટી.વી. હતા...!

શું વૈદરાજ આ બધી વસ્તુઓ આસપાસનાં ગામડાંઓમાં વેચવાનો પણ ધંધો કરતા હશે?!?

મારા દિમાગમાંનો આ સવાલ પૂરો થાય ત્યાં જ અંદરના કમરામાંથી વૈદરાજની પત્ની સરોજ ધસી આવી.

'ચાલ્યા જાવ....! જલદીથી અહીંથી ચાલ્યા જાવ....!' એ બોલી ઊઠી.

હું પલંગ પરથી ઊભો થઈ ગયો.

નીકિતા પણ ઊભી થઈ ગઈ.

'પણ વૈદરાજ તો....!' હું આગળ બોલવા ગયો ત્યાં જ સરોજ બોલી ઊઠી, 'મારો પતિ વૈદરાજ નથી...., પણ...પણ ઠગ-પિંઢારાઓથી પણ ચઢી જાય એવો ક્રૂર છે.....! એ...એ પોતાની ટોળકીના આદમીઓને બોલાવવા ગયો છે....!' એણે મારી સામે હાથ જોડયા. 'તમે...તમે જલદીથી અહીંથી ચાલ્યાં જાવ....! ફક્ત દર-દાગીનાની વાત હોય તો ઠીક છે, પણ એ શયતાન તો તમને લૂંટીને પછી...., પછી તમને જીવતા જ નહીં છોડે...!' (ક્રમશઃ)■

**હવે આગળ શું?** નીકિતા રસ્તામાં બેહોશ થઈને ઢળી પડતાં એક વૈદરાજ તેની પાટાપિંડી કરીને આરામ કરવાનું કહી જતા રહે છે. એટલામાં તેમની પત્ની આવીને કહે છે કે આ માણસ વૈદરાજ નથી પણ ઠગ છે માટે તમે અહીંથી ભાગી જાઓ

---

## ફન વર્લ્ડ

'મુંબઇ સમાચાર'એ શરૂ કરેલા જ્ઞાન સાથે ગમ્મત આપતા ફનવર્લ્ડને વાચકોએ ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો છે. તમારા ઉમંગ અને ઉત્સાહથી પ્રેરાઈને શરૂ કરેલા આ નવા ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઇ-મેઇલથી ગુરુવાર સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નીચે જણાવેલા મેઈલ પર મોકલવાના રહેશે.**

funworld@bombaysamachar.com

### જોડી જમાવો

રાજકીય પશુ અને રાજ્ય

| A | B |
|---|---|
| ૧. ઊંટ | ગુજરાત |
| ૨. એશિયાટિક લાયન | દિલ્હી |
| ૩. બળદ | હરિયાણા |
| ૪. જંગલી ભેંસ | રાજસ્થાન |
| ૫. નીલગાય | બિહાર |

### ઓળખાણ પડી?



દુનિયાના સૌથી મોટા આ પક્ષીની ઓળખાણ પડી? નવ ફૂટ લાંબા અને આઠ હૃદય ધરાવતા આ પક્ષી મુખ્યત્વે આફ્રિકામાં જોવા મળે છે.

### હસી લઈએ

ભૂરો દારૂ ખરીદવા ગયો ત્યારે દુકાનદારે કહ્યુંઃ અહીં દારૂબંધી છે, તમને દારૂ નહીં મળે. ભૂરોઃ તો દુકાન શા માટે ખુલ્લી રાખી છે? અને દારૂ શું કામ રાખ્યો છે?

દુકાનદારઃ આ ખાલી સાપ અને વીંછી કરડવાથી પીડિત દરદીઓ માટે છે. ભૂરોઃ અચ્છા, તો આ સાપ અને વીંછી ક્યાં મળશે? દુકાનદાર બેહોશ!

### પકડદાવ

આપેલા શબ્દોમાંથી એક એક અક્ષર જોડીને મધ્ય પ્રદેશના રાજકીય પશુનું નામ જણાવો.

કાચબા, રાશિ, સિંગતેલ, ઘાયલ

### આડાઅવળા સીધા કરો

માછલીની પ્રજાતિનાં નામ (૧) કે શ ફિ ટ (૨) ગો ફિ શ લ્ડ (૩) વ્હે લ ર્ક શા (૪) ન ડ્રે સી ગ (૫) ફ્રે પો ટ મ

### ગીત ગાતા ચલ

'હમ તુમ કિતને પાસ હૈ કિતને...' ફિલ્મ 'બાલિકા વધૂ'ના આ ગીતની પંક્તિ પૂર્ણ કરો.

### ગયા બુધવારના જવાબ

★ ઓળખાણ પડી?: ઇઝરાયલ

★ પકડદાવઃ દક્ષિણ આફ્રિકા

★ ગીત ગાતા ચલઃ પદ્મા ખન્ના

★ આડાઅવળા સીધા કરોઃ

૧. જર્મની
૨. ઇટાલી
૩. ડેન્માર્ક
૪. બેલ્જિયમ
૫. ઓસ્ટ્રિયા

જોડી જમાવોઃ

| | |
|---|---|
| ૧. ગૂગલ | યુનાઈટેડ સ્ટેટ્સ |
| ૨. બાઈડુ | ચીન |
| ૩. યેન્ડેક્સ | રશિયા |
| ૪. સ્ટાર્ટપેજ | નેધરલેન્ડ |
| ૫. ઇકોસિયા | જર્મની |

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) શિલ્પા શ્રોફ (૨) સુભાષ મોમાયા (૩) મૂળરાજ કપૂર (૪) કિશોર જીવણદાસ વેદ (૫) ડો. પ્રકાશ કાટકિયા (૬) ભારતી કાટકિયા (૭) ભારતી બુચ (૮) શ્રદ્ધા આશર (૯) લજિતા ખોના (૧૦) નિતીન જે. બજારિયા (૧૧) વિભા મહેશ્વરી (૧૨) પુષ્પા પટેલ (૧૩) નિખીલ બંગાળી (૧૪) અમીષી બંગાળી (૧૫) હર્ષા મહેતા (૧૬) મહેશ દોશી (૧૭) મનિષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નીતા દેસાઈ (૨૦) હરીશ સુતરીયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) અરવિંદ કામદાર (૩૩) જ્યોતિ ખાંડવાલા (૩૪) ભાવના કર્વે (૩૫) સુરેખા દેસાઈ (૩૬) ખુશરૂ કાપડિયા (૩૭) રજનીકાંત પટવા (૩૮) સુનિતા પટવા (૩૯) દિલીપ પરીખ (૪૦) દેવેન્દ્ર સંપટ (૪૧) વીણા સંપટ (૪૨) તાહેર ઔરંગાબાદવાળા (૪૩) શિરીન ઔરંગાબાદવાળા (૪૪) ઝુબેદા યુસુફ નીમચવાળા (૪૫) અશોક સંઘવી (૪૬) પ્રવીણ વોરા (૪૭) હીના દલાલ(૪૮) રમેશ દલાલ (૪૯) જ્યોત્સના ગાંધી (૫૦) ઈનાક્ષી દલાલ (૫૧) સતીશ કક્કડ (૫૨) ભાવના કર્વે

---

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | ■ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | | | ■ | |
| | ■ | | ■ | | ■ | | ■ | ૧૦ | |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ૧૯ | | ■ | ૨૦ |
| ■ | ■ | | ■ | ■ | ૨૧ | | ■ | ૨૨ | |
| ૨૩ | | | ૨૪ | ■ | | ■ | ૨૫ | | |
| | ■ | ૨૬ | | ૨૭ | | ■ | ૨૮ | | |
| ૨૯ | | ■ | ■ | | ■ | ૩૦ | ■ | ■ | |
| | ■ | ૩૧ | | ■ | ૩૨ | | | | ■ |

**આડી ચાવી**

૧. આકાશ, ખાલી જગા ક્ષેત્ર, ફૂરસદ (૪)
૪. દળ, પંજાબનો એક રાજકીય પક્ષ (૩)
૮. સની દેઓલની જાણીતી ફિલ્મ (૩)
૯. અનાદર, તિરસ્કાર (૪)
૧૦. ---નું બેસવું ને ડાળનું પડવું (૨)
૧૧. સ્પર્શથી ફેલાતો રોગ, સંક્રમણ (૨)
૧૩. ભગવાન, ઇશ્વર, સમર્થ, અચલ (૨)
૧૪. અપશબ્દ (૨)
૧૫. વલસાડ પાસે દરિયા કિનારે આવેલું સ્થળ (૩)
૧૭. છબિ (૪)
૨૧. માગણી, રસ્તો, જગા, અંતર (૨)
૨૨. રદ, ફોગટ (૨)
૨૩. સ્વાગત, આદરમાન (૪)
૨૫. સુશોભન માટે દીવાલ પર લગાવો (૩)
૨૬. અનાજને સાચવવા તેમાં દવા કે રાખ ભેળવવી (૪)
૨૮. સોગંદ, શપથ (૩)
૨૯. --- જણાવાનું તને, તું તો બધું જાણે સજન (૨)
૩૧. --- માં પરમાત્માનો વાસ છે (૨)
૩૨. આનાથી શ્વાસ ફેફસામાં પહોંચે (૪)

**ઊભી ચાવી**

૧. આગળથી ચેતી જવું, દૂરંદેશી (૫)
૨. ચંદ્ર ધીમે ધીમે દેખાતો બંધ થાય (૨)
૩. ભયંકર, ક્રૂર સ્વરૂપવાળું (૩)
૪. ઉપસર્ગ, ઉતરતું /હીન ભાવ બતાવે છે (૨)
૫. એક દેવીનું નામ (૩)
૬. રત, મગ્ન (૨)
૭. જુદું, ભાગ પાડવા (૩)
૯. અવર્ણનીય, આશ્ચર્યકારક,અલૌકિક (૪)
૧૦. --- કોઇને છોડતો નથી(૨)
૧૨. રસ્તો, રાહ (૨)
૧૪. લીંપવા માટે બનાવેલો ગારો (૨)
૧૬. વેદનાથી કોઇ અવયવનું લબૂક થવું (૪)
૧૮. શાકને --- પડે (૪)
૧૯. ટાલ પડી છે? તો પહેરો (૨)
૨૦. અમૂંઝણ, કંટાળો, ચીડ (૫)
૨૨. ધ્યાન કેન્દ્રિત કરવું (૩)
૨૩. વ્યવસ્થા કરવી, પ્લાનીંગ (૪)
૨૪. કદાચ, કદાપિ (૨)
૨૫. ચાકડો, ઘૂમરી (૨)
૨૭. ફોક, બાતલ, કાઢી નાખેલું (૨)
૩૦. વિશિષ્ટ, અંગત, અમીરી(૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક | ૨ લા | કા | ર | ■ | ૩ પ | ત્ર | ૪ કા | ર | ■ |
| ૫ લ | ક્ષ | ■ | ■ | ૬ ગા | ડી | ■ | જ | ■ | ૭ સં |
| ૮ મ | શિ | ૯ કાં | ચ | ન | ઘો | ૧૦ ગ | ■ | ૧૧ વા | ચા |
| ૧૨ ન | ક | શી | ■ | ■ | ■ | ૧૩ મા | ૧૪ પ | તો | લ |
| વે | ■ | ૧૫ રા | મ | ૧૬ રા | જ્ય | ■ | જ | ■ | ક |
| ૧૭ શ | ૧૮ ર | મ | ■ | હ | ■ | ■ | ૧૯ વ | ધુ | ■ |
| ■ | જા | ■ | ૨૦ મા | ત | ■ | ૨૧ કા | ળી | ■ | ૨૨ સૂ |
| ૨૩ ગા | ઇ | ૨૪ ડ | ■ | ■ | ૨૫ ટાં | ચા | ■ | ૨૬ ચિ | ત્ર |
| પ | ■ | ૨૭ ર | ક્ષા | ■ | ■ | ૨૮ પા | વ | ર | ધા |
| ૨૯ ક | સ | બી | ■ | ૩૦ શિ | લ્પ | કા | ર | ■ | ર |

### સુડોકુ-૪૩૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૭ | | ૩ | | | ૫ |
| ૧ | | ૭ | ૪ | | ૮ | ૯ | | ૨ |
| | | | | ૨ | | | | |
| | ૫ | | | ૮ | | | ૨ | |
| | | ૪ | ૧ | | ૨ | ૬ | | |
| | ૯ | | | ૪ | | | ૧ | |
| | | | | ૬ | | | | |
| ૫ | | ૩ | ૯ | | ૪ | ૨ | | ૬ |
| ૮ | | | ૨ | | ૧ | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૪૩૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૮ | ૭ | ૯ | ૬ | ૨ | ૪ |
| ૯ | ૬ | ૨ | ૩ | ૪ | ૧ | ૭ | ૮ | ૫ |
| ૪ | ૮ | ૭ | ૬ | ૨ | ૫ | ૩ | ૧ | ૯ |
| ૫ | ૪ | ૯ | ૨ | ૩ | ૬ | ૮ | ૭ | ૧ |
| ૬ | ૨ | ૮ | ૫ | ૧ | ૭ | ૪ | ૯ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૪ | ૯ | ૮ | ૫ | ૬ | ૨ |
| ૮ | ૯ | ૬ | ૧ | ૫ | ૪ | ૨ | ૩ | ૭ |
| ૭ | ૩ | ૪ | ૯ | ૬ | ૨ | ૧ | ૫ | ૮ |
| ૨ | ૧ | ૫ | ૭ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ |